KA-5151-52 Seat No.________

# Third Year B. A. (Sem. V) Examination

## November / December – 2014

## Gujarati : CC - 510

૧. સમીક્ષા - અપઠિત - *(Option - I)*

૨. સાહિત્યિક નિબંધો - *(Option - II)*

Time : **3** Hours] [Total Marks : **70**

## ૧. સમીક્ષા - અપઠિત - *(Option - I)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો : ૧૪

માણસના મનની અંદર હંમેશાં બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી જ અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે અને જ્યાં એ ત્રણ વસ્તુઓ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની પણ જરૂર છે અને એ જાણ્યેથી પણ બસ નથી; પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો 'આર્કિટેક્ટ'ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે, પણ જેમ ચણતર ન કર્યું હોય તો નકશો નકામો થઈ પડે છે તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું

હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે, તે વિશે ભાષણો કરે છે, પણ તે પ્રમાણે ચાલતા નથી અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો લોકમાં નહિ પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે, આ કંઈક વખાણવાલાયક વિચાર ગણાય જ નહિ. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.

– ગાંધીજી

અથવા

૧ નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો :

કલાકાર બનવું, લેખક બનવું એ કાંઈ નાનીસૂની જવાબદારી નથી. ખાસ કરીને અત્યારના સમયની વૈશમ્યભરી સ્થિતિમાં આપણો યુગ જેને ચિંતાયુગ તરીકે ઓળખવામાં આવે છે, તેનું જો કોઈ મુખ્ય આહવાન હોય તો તે છે સંપૂર્ણ રીતે શીર્ણ થઈ જવાનો ભય. જેમ જેમ વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર આગળ વધતા જાય છે તેમ તેમ સભ્યતા અને સંસ્કૃતિનો હ્રાસ થતો જતો લાગે છે. યંત્રશાસિત સમાજ વૈયક્તિકતાને ભૂંસવા કરે છે. વ્યક્તિના લગભગ લોપની દશા હાથવેંતમાં છે. સમૂહવાહનનું ઉત્થાન માનવીના ગૌરવને હાનિ પહોંચાડી રહ્યું છે. સમૂહ વિચારક્રાંતિનાં સાધનો બૌદ્ધિક જીવનના ટુકડા ટુકડા કરી રહ્યા છે અને માણસને એક નવીન પ્રકારનો બર્બર બનાવી રહ્યાં છે. દેખીતો એ કલાનો ગંજ ઉપર અને જીવન અંગેની અઢળક માહિતી ઉપર જીવતો હોય છે. પણ સૌંદર્ય એ પોતાને પોસાતી એક શોખની વસ્તુ કરતાં કાંઈક વિશેષ છે, અને જ્ઞાન યંત્રશાસિત સમાજજીવનમાં સગવડભર્યા ગુજારા માટે સજ્જતા આપનાર વસ્તુ કરતાં કાંઈક વધારે છે.

– ઉમાશંકર જોશી

૨ નીચે આપેલી કાવ્ય પંક્તિઓનું નિબંધાત્મક વિવરણ કરો : **૧૪**
(કોઈ પણ બે)

(૧) 'લાંબા છે જ્યાં દિન પ્રિય સખી ! રાત્રિ યે દીર્ઘ તેવી,
આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય આશા જ કેવી ?

(૨) 'ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,
ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.'

(૩) 'સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી વડું નહિ કશું :
સદ્‌વિદ્યા આગળ ધન કશું, વિદ્યાવિહીન નર તે પશુ.'

(૪) 'સમાન પલ્લાં વિધિની તુલાનાં,
જયાજય તો મનનાં જ બહાનાં !'

૩ નીચે આપેલા કાવ્યની આસ્વાદલક્ષી સમીક્ષા કરો : **૧૪**

## સૂકી જુદાઈની ડાળ

સૂકી જુદાઈની ડાળ તણાં ફૂલ અમે છાનાં ઊગીને છાનાં ખરીએ.
તમે આવો તો બે'ક વાત કરીએ.
ફાગણ ચાલે ને એના પગલાંની ધૂળથી
નીંદર ઊડે રે સાવ કાચી
જાગીને જોયું તો ઊઠે સવાલ, આ તે
ભ્રમણા હશે કે વાત સાચી ?
જીવતર આખ્ખુંય જાણે પાંચ-સાત છોકરાં પરપોટા વીણતાં દરિયે!
સૂકી જુદાઈની ડાળ તણાં ફૂલ અમે છાનાં ઊગીને છાનાં ખરીએ.
તમે આવો તો બે'ક વાત કરીએ.
કેડીના ધોરિયે જંગલ ડૂબ્યાં, ને અમે
કાંઠે ઊભાં રહીને ગાતાં,
રાતના ગુલમ્હોરની યાદમાં ને યાદમાં
આંસુ ચણોઠી થઈ જાતાં ?
કોઈ જાણે કેમ હવે ઝાઝું જીરવાય ને, મરવા દિયે તો કોઈ મરીએ ?
સૂકી જુદાઈની ડાળ તણાં ફૂલ અમે છાનાં ઊગીને છાનાં ખરીએ.
તમે આવો તો બે'ક વાત કરીએ.

**- અનિલ જોશી**

અથવા

### તારી થાળે

નથી જાણ્યું તારું વતન, કુલ, ના ગામ, ગુણ ના
સુણ્યા કિંવા જાણ્યા, તદપિ તુજમાં એવું જ કશું
વસ્યું કે જે દેખી મુજ મન અહા તુર્ત જ હસ્યું.
અને મૂંગી મૂંગી કંઈ રચી રહ્યું પ્રીતિગણના !
અહો, એવું તે શું વસ્યું મનુજમાં જે અવરને
શકે છાનું છાનું પરસી. નહિ કો આડશ નડે,
અજાણ્યું તે જાણે પરિચિત યુગોનું થઈ પડે,
જગાડે આત્માને, સૂનમૂન થીજેલા રુધિરને !
તને દેખું જાતી નિત નવ મહા પૂજન-સ્થળે,
કરે થાળી દીવો કુસુમ, દૃઢ પાસે દૃઢ દગે,
છતાં ક્યારે ક્યારે ચરણ દગ તારાં ડગમગે.
અને તારું હૈવાવસન ઊછળે કોઈ વમળે.
દઉં તારી થાળે મજુ મન ધરી નીરમ સમ,
બને તારી યાત્રા સુદૃઢ, મન મારુંય કુસુમ.

– સુંદરમ્

૪ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

આ રીતે એ અનુવાદકાર્ય જગતના સાંસ્કૃતિક સંપર્કનું મહત્ત્વનું સાધન હોઈ એ આપણા દેશની વિચારણા અને સર્જનાત્મક પ્રવૃત્તિને ઉત્તેજે છે. તેની દૃષ્ટિમર્યાદાને વિશાળ બનાવે છે. અને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ભિન્ન ભિન્ન પ્રજાઓએ મેળવેલી સિદ્ધિનાં દર્શન કરાવી જેવો જ પુરુષાર્થ કરવાની આપણને પ્રેરણા આપે છે. શ્રી કાકાસાહેબ કાલેલકરે અનુવાદકને સંસ્કૃતિનો એલચી કહ્યો છે. તે આ દૃષ્ટિએ સર્વથા યોગ્ય છે. અનુવાદકનું કામ, પરભાષામાંથી

કોઈ કૃતિનો જે અર્થ અને ભાવ પોતાને સમજાયો હોય તે ચોકસાઈપૂર્વક પોતાની ભાષામાં ઉતારવાનું છે. અહીં ભાવ શબ્દ હું લાગણીના અર્થમાં વાપરું છું. કોઈ પણ કૃતિ આપણે વાંચીએ છીએ ત્યારે આપણે તેનો અર્થ ગ્રહણ કરીએ છીએ. અને સાથોસાથ એ અર્થમાં આપણા ચિત્તમાં અમુક લાગણી અથવા ભાવ જગાડે છે. એ બંનેને અર્થને અને ભાવને - અનુવાદકે ચોકસાઈપૂર્વક પોતાની ભાષામાં પ્રગટ કરવાના છે. અથવા બીજી રીતે કહીએ તો, અનુવાદકનું કામ પરભાષાની કૃતિ પોતાની ભાષામાં એવી રીતે રજૂ કરવાનું છે, જેથી તે વાંચીને મૂળ કૃતિ વાંચીને અનુભવાતા ભાવો અનુભવી શકાય.

- નગીનદાસ પારેખ

અથવા

સુરિચિની વ્યાખ્યા આપતો એડિસન કહે છે કે કોઈ પણ લેખકની ખૂબીઓથી આનંદ થાય અને તેની ઊણપોથી નાખુશ  થવાય તો તે લક્ષણ સાહિત્યિક સુરુચિ કહી શકાય. મેરિયન મૂર પોતાની કાવ્યકૃતિ 'Poetry'નાં સુરુચિ વિશે સાવ સાદી રીતે જ વિધાન કરે છે કે કાવ્ય અને અકાવ્યનો ભેદ સમજાવા લાગે કે સમજવું કે તમારામાં સાહિત્યિક સુરુચિનો ઉઘાડ થયો છે.

પણ આ સુરુચિનો નિર્ણય કોણ અને કયે ધોરણે કરે ? રસ્કિન તો કહે છે કે કવિતા-કલા જે ભાવનાઓ ભાવકમાં ઉત્પન્ન કરે તે ભાવનાઓ માનવજાતિની શ્રેષ્ઠ પરંપરાઓ સાથે તે સંવાદી હોવી જોઈએ. કલાકારે પોતાની સર્ગશક્તિથી પોતાના કલામય પ્રગટીકરણને માનવચિત્તને સુસંગત થાય એવી રીતે વ્યવસ્થિત કરવું જોઈએ. આમ સુરુચિ લોકરુચિ કે વર્ગરુચિ નથી, પણ તે હંમેશાં લોકરુચિ અને વર્ગરુચિની વિરુદ્ધ જ હોય તેવું પણ નથી.

- ઉશનસ્

૫ (અ) નીચેનામાંથી કોઈ પણ ચાર રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં ૮
પ્રયોગ કરો :

(૧) અનેક રંગો જોવા

(૨) કળ વળવી

(૩) ચિત્ત ચિરાવું

(૪) છળી મરવું

(૫) તરંગે ચઢવું

(૬) પેટમાં ધ્રાસકો પડવો

(૭) મન માપવું

(૮) વારી જવું.

(બ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ કહેવતોનો અર્થ આપી સાર્થક વાક્ય ૬
પ્રયોગ કરો :

(૧) છાસ લેવા જવી ને દોણી સંતાડવી

(૨) વાડ વગર વેલો ન ચડે

(૩) અક્કરમીનો પડિયો કાણો

(૪) વધુ ડાહ્યો વધુ ખરડાય

(૫) સોળે સળગાર સજવા

(૬) બની જવું

## ૨. સાહિત્યિક નિબંધો - (Option - II)

૧ નીચેના વિષયોમાંથી કોઈ પણ એક વિશે વિસ્તૃત નિબંધ લખો : ૩૫

(૧) મધ્યકાલીન ભક્તિકવિતા.

(૨) મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તા : સ્વરૂપ અને વિકાસ.

(૩) મધ્યકાલીન લોકસાહિત્ય.

(૪) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના લઘુ પદ્યપ્રકારો.

૨ નીચેના વિષયોમાંથી કોઈ પણ એક વિશે વિસ્તૃત નિબંધ લખો : ૩૫

(૧) પંડિતયુગનું સાહિત્ય અને તેની લાક્ષણિકતાઓ.

(૨) સમૂહમાધ્યમો અને સાહિત્ય.

(૩) ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદી વલણો.

(૪) ગુજરાતી સાહિત્ય પર ગાંધીવિચારધારાનો પ્રભાવ.